UNITED INTERNATIONAL ✞
GUJARATI CHRISTIAN SOCIETY ✞
NEW YORK & NEW JERSEY ✞
FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN ✞
*(A NOT -FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)* ✞

GUJARATI CHRISTIAN SOCIETY
અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ
EDITORS: Revs. Snehlata & Anil Patel
Phone # (718) 435-4786
email: snehlata@msn.com
મે-જુન ૨૦૧૮

---

## : તંત્રીઓની કલમે :

### ખ્રિસ્તી ઘરકુટુંબ-પહાડ પર વસાવેલા નગર

**સમાન** મે-જૂન માસ માતા, પિતા બાળકો અને કુટુંબ વચ્ચેના સંબધો અને પ્રેમને પુન: તાજા કરે છે અને ગાઢ બનાવે છે. જેમ કોઈપણ મકાનની સધ્ધરતા તેમાં વપરાયેલી ઇંટો પર અવલંબે છે તેમ જ સમાજ, રાષ્ટ્ર, દેશ, અને દુનિયાની સ્થિરતા, અને આબાદીનો આધાર કુટુંબની પર રહેલો છે. જો કુટુંબોમાં કલહ, હિંસા, ગુનાખોરીનું પ્માણ વધારે હશે તો તે સમાજ કે દેશમાં શાંતિ, અસ્થિરતાનું પ્રમાણ વધું જોવા મળશે. તેથી ઉલટું જે કુટુંબમા પ્રભુનો ભય,અને હાજરીને સ્થાન હશે તે સમાજ અને મંડળીની ઉન્નતિ જરૂર થશે. તેથી આપણે સુવાર્તાપ્રચાર નથી કરી શકતાં પણ આપણા ઘરકુટુંબોને ખ્રિસ્ત ઇસુનું સ્થાન બનાવી આપણે પહાડ પર વસાવેલા નગરની જેમ બીજાંઓને નમૂનારૂપ જરૂર બની શકીએ અને એમ આપણા સમાજ, દેશ અને વિશ્વને સ્થિર કરવામાં આપણો મહામૂલો ફાળો આપી શકીએ છીએ. ક્રાંતિની શરૂઆત એક વ્યક્તિ કે એક એકમદ્વારા જ થાય છે. ખ્રિસ્તી નામ ધરાવનારી વ્યક્તિને માથે કુટુંબ, સમાજ અને એમ વિશ્વની સ્થિરતામાં ફાળો આપવાની ખૂબજ ગંભીર જવાબદારી રહેલી છે તેથી માતૃદિન અને પિતૃદિનની ઉજવણી પ્રસંગે ભેટરૂપે ત્રણ બાબતો તરફ તમારૂં ધ્યાન દોરવા માગું છું.

### 1. સમાજ રચનામાં ખ્રિસ્તી કુટુંબનું સ્થાન:

સૌથી પ્રથમ આપણે આત્મખોજ કરવાની છે કે હું કોણ છું? જે કુટુંબોમાં પારસ્પારિક પ્રેમ, ત્યાગભાવના , શાંતિ છે તે કુટુંબો પૃથ્વી પર સ્વર્ગ બનાવે છે. જે કુટુંબોમાં દુન્યવી બાબતો તરફ આંધળી દોટ, સુસંગતતાનો અભાવ હોય છે,બાળકોને પ્રેમ અને હુંફ મળતાં નથી ત્યાં ઘણા પ્રશ્નો અને સમશ્યાઓ જોવા મળે છે. તેની વામણી અસર સમાજ પર જોવા મળે છે.તેથી કોઇએ સાચે જ કહ્યું છે કે, *જે ઘરમાં તમને વિશ્વાસ જોવા મળે, જે ઘરના સભ્યો દેવ પર સંપૂર્ણ ભરોસો રાખી ઇશ્વરની જ સેવા કરે અને તેની જ પવિત્ર યોજનામાં જીવન જીવે તે ઘર આશીર્વાદિત છે.*

**૨. નમૂનારૂપ જીવન:** સંતાનો ભલે પોતાનાં માતપિતાનું સાંભળતાં ન હોય પણ તેઓની દ્રષ્ટી તેમનાં વાલીઓની રહેણીકરણી પર જરૂર હોય છે. તેઓના જીવનોમાં તેની અસરોમાં જોવા મળે છે. બાળકોના જીવનમાં બીજાં પરીબળો પણ ભાગ ભજવે છે જેની પર માબાપનો અંકુશ હોતો નથી. તેથી હું મારા બાળકનો કેવી રીતે સર્વાંગ ઉછેર કરી શકું તે પર વધુ ઝોક આપવાને બદલે હું કેવી રીતે પ્રભુનું બાળક બની શકું તે પર આપણું ધ્યાન વધારે કેંન્દ્રિત કરવાની જરૂર છે. તેથી આપણી દૈનિક પ્રાર્થના આવી હોવી જોઇએ

*પ્રભુ તમે મને ચારિત્ર, વર્તન અને વાણીમાં જેવો/જેવી બનાવવા ચાહો છો તેવું બનવામાં સહાય કરો. કારણ કે, તમે કુંભાર છો અને હું મટોડી છું. તમારી ઇચ્છા હું પુર્ણ કરીશ.* (ફિટ્ઝહ્યુગ)

**૩.,. ખ્રિસ્તકેન્દ્રી જીવન:** માતપિતા પોતાનાં બાળકો માટે વારસો મુકી જવા તનતોડ મહેનતકરે છે. તેમાં કશું જ ખોટું નથી. પરંતુ સૌથી ઉત્તમ વારસો જો આપણે આપણાં બાળકો માટે મુકી જવો હોય તો તે છે આત્મિક વારસો. આપણાં બાળકો પ્રભુના ભય અને સંગતમાં જીવે તેવું વાતાવરણ પુરૂં પાડીએ. .. *"વિશ્વાસુ માતપિતા કદીયે દુન્યવી ખ્યાતીને માટે તેમનાં નામ આરસપહાણની તક્તિ ઉપર કોતરાવતાં નથી. .તેના બદલે રાજાઓના રાજા માટે જે જીવન તેઓ જીવે છે તેમાંથી તેમનાં બાળકો માટે વારસાની સરવાણીઓ ફૂટી નીકળે છે"* ગુસ્તાફ્ન

વાંચકમિત્રો દુનિયાની શાંતિમાં આપણે જો આપણો કિંમતી ફાળો આપવો હોય તો ચાલો આપણે સમાજની રચનામાં નમૂનારૂપ અને ખ્રિસ્તકેન્દ્રી જીવન જીવવાનો નિર્ધાર કરીએ અને એમ કરીને આશિર્વાદિત જીવન જીવીએ, બાળકોને માટે ખુટી ન જનાર વારસો મુકીએ અને સમાજ તેમજ વિશ્વના ઉત્કર્ષમાં ફાળો આપીએ

**બ્રુકલીન** **સ્નેહલતા પટેલ**

## નોંધપાત્ર બાબતો :-

ACN ના ખર્ચને પહોંચી વળવામાં મદદરૂપ થવા.જો તમારે સ્વેચ્છાપૂર્વકનાં દાન અથવા પોસ્ટલ સ્ટેમ્પ્સ આપવા હોય અથવા તમારે ACNની કોપી જોઈતી હોય તો રોબીનભાઈને તમારૂ પોસ્ટલ અથવા ઈ-મેલ એડ્રેસ આપશો. સહકાર બદલ આભાર માનવામાં આવે છે. **સરનામુ:** 17 Dart Mouth Ave, Avenel, NJ 07001-1804,Phone#917-554-4560; robin.christian@marriott.com

**આભાર:૧.** રુથબહેન એન્ડ બાબુ વર્મા, શિકાગો, $ ૨૦

૨. સ્ટેલા મહેન્દ્ર પરમાર, જર્સી સીટી, $ ૧૦;

3. જીનલ ન્યુલીન, ,જર્સી સીટી, ૧૦,

૪. લિલીઅનબહેન એન્ડએરીક વ્યાસ, લોંગ આઇલેન્ડ $ 30; ૫ વસુમતી કુંજરાવીઆ તરફથી પોસ્ટલ સ્ટેમ્પ્સ મળેલ.છે. આભાર સાથે દાન સ્વીકારવામાં આવે છે..

ન્યુઝપેપરમાં લખાતાં લખાણો માટે તંત્રીઓ જવાબદાર નથી.

**મૃત્યુ નોંધ** :ઘણાં વહાલાંઓએ અનંતકાળિક જીવનમાં પ્રવેશ કરેલો છે. તેઓ સર્વના દુખિત કુટુંબીજનોને ઈશ્વરપિતા તેના દૈવી દિલાસાથી ભરપૂર કરે. તમારી પ્રાર્થનાઓમાં તેઓને ધરી રાખશો..

**અભિનંદન:** ફતેહ મેળવનાર દરેક વિદ્યાર્થીને અને લગ્નગ્રંથિથી જોડાનાર નવદંપતિઓને અમેરીકન ન્યુઝ પરિવાર અભિનંદન પાઠવતાં તેમનાં જીવનો સફળ બને તેવી શુભાષિશ પાઠવે છે

ACNના પ્રકાશનનો મુખ્ય હેતું અમેરિકા દેશના ગુજરાતી ખ્રિસ્તી ભાઈબહેનોને એકબીજાના સંપર્કમાં રાખવા, પારસ્પારિક સુખદુ:ખમાં ભાગીદાર બનાવવા, એકબીજાને પ્રેરણારૂપ થવું, ઈશ્વરના તાલંતોનો ઉપયોગ કરી, ગુજરાતી સમાજને મદદરૂપ અને દોરવણીરૂપ બનવું. તેથી સમાચાર, ખાસ પ્રકારની અનોખી કાર્યપ્રવૃતિ વગેરે જાતની માહિતીની લેખક મિત્રો પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

આ સમાચારપત્રના ખર્ચને પહોચી વળવા કોઈપણ જાતનું ભંડોળ નથી. બધું જ સ્વેચ્છાપૂર્વક કામ કરનાર વ્યક્તિઓ દ્વારા ચાલે છે. જેથી પાનાં વધારવા શક્ય નથી. તેથી આ સમાચારપત્રનો પૂરેપુરો ફાયદો મેળવવા વાંચકમિત્રોને વિનંતી કે સમાજોપયોગી માહિતી **વધુમાં વધુ ૧ પાનું મોટા સ્વચ્છ અક્ષરમાં** મોકલશો એવી ACN ના પ્રકાશનના હિતમાં અમારી નમ્ર વિનંતી. ACN ને દળદાર તથા માહિતીસભર બનાવવાનો આધાર લેખક મિત્રો પર અવલંબે છે. તેથી પ્રેરણા અને ઉત્તેજનદાયી સમાચાર ટુંકાણમાં મોટા અક્ષરે લખી મોડામાં મોડું જુન ૨૮ સુધીમાં Revs. Patel, 758-47th Street, Brooklyn, NY 11220 એ સરનામા પર મોકલી આપશો તો આભાર. સહકાર બદલ આભાર

## :- બાઈબલ અભ્યાસના પ્રશ્નો મે-જુન ૨૦૧૮:

બાઈબલ કવીઝના જવાબો Mrs. Joycey & Jovet Christian, 500 Central Ave, Apt.# 510, Union City, NJ 07087 પર મોકલશો, (201-864-4816). સહકાર બદલ હાર્દિક આભાર.

## એઝરા,નહેમ્યાહ, તથા ૧-૨ કાળવૃતાંતને આધારે નીચેના.વાક્યો કોણ કોને કહે છે તે સંદર્ભ સાથે જણાવો. આભાર.

૧. "શું મારા જેવા માણસે નાસી જવું જોઇએ? અને પોતાનો જીવ બચાવવા સારૂં કોણ મંદિરમાં ભરાઇ જાય?"

૨. "મારા પર દેવની કૃપા હોવાથી રાજાએ મારી અરજ માન્ય કરી." કોણે કોના માટે આ કહ્યું?

૩. કયા રાજાએ હુકમ કર્યો કે " જે આકાશના દેવના નિયમશાસ્ત્રનો શાસ્ત્રી છે તે તમને જે કંઇ કરવાનું કહે તે બનતી તાકીદે તમારે કરવું "

૪. "તો હવે તમે તમારા પિતૃઓના દેવ યહોવાહની આગળ ઇકરાર કરીને તેની ઇચ્છા પ્રમાણે કરો; દેશના લોકથી તથા પરદેશી સ્ત્રીઓથી અલગ થાઓ"

૫. "આકાશના દેવ યહોવાએ મને પૃથ્વીનાં સર્વ રાજ્યો આપ્યાં છે"

**ભાગ-૨** નવા કરારમાં વિશ્વાસીઓ માટે પાંચ પ્રકારના મુગટો નીચેના પુસ્તકો અને કલમોમાં જોવા મળે છે. આ મુગટો કયા કયા છે તે નામો આપો.

૧. ૧ કરિંથી ૯:૨૫-૨૭

૨. ૧ થેસ્સાલોનિકી ૨:૧૯

૩. ૨ તિમોથી ૪:૮

૪. યાકુબ ૧:૧૨ અને પ્રકટીકરણ ૨:૧૦

૫. ૧ પિતર ૫:૧-૪

## બાઈબલ અભ્યાસ માર્ચ- એપ્રિલ ૨૦૧૮ ભાગ ૧, ૨, અને ૩નાં ખરા જવાબો આપનાર

૧) રીબેકાબેન ડાયલ - બ્રૂકલીન, ન્યુયોર્ક

2) ભાનુમતીબેન સી. ક્રીસ્ટી - ઓન્ટેરીઓ, કેલિફોર્નિયા

૩) લીલીયનબેન જોન નોર્થબર્ગન

જાન્યુઆરી- ફેબ્રુઆરી માસમાં ખરા જવાબ આપનારમાં આફિયાબેન ટેલરનું નામ ઉમેરવું

### મા-જનની-Mother

મા એટલે મમતાનો, કદીયે ખૂટે નહિ તેવો સતત ઉભરાતો, છલકાતો માતબર ખજાનો.. માંકી મમતાકા કોઈ તોલ નહિ, યહ ઈશ્વરકો તરાશા હુઆ વહ હીરા હૈ, જિસકા કોઈ મોલ નહિ

" એક આદર્શ માતા સો શિક્ષકો ની ગરજ સારે છે." બાળકના જન્મથી માંડી માના મૃત્યુ સુધી વ્યક્તિના જીવનમાં માની છત્રછાયા તેના સંતાન પર રહે છે. વ્યક્તિના જીવનમા માતાનો પ્રભાવ જોવા મળે છે. માનવ જીવનમાં માતાનો ફાળો મહામૂલો છે. માની મહાનતાસૂચક ભાવનાઓને એક દિકરાએ આ પ્રમાણે હૃદયસ્પર્શી શબ્દોમાં કંડારી છે. "My mother was far from the perfect. She didn't go to the best school, dressed in fine clothes, or have a lot of money, but when I look back, she had riches that money can't buy; A big heart that know only one thing, love, for her children."

**માતાની મહાનતા:** માતા પોતાના દુખો અને અરમાનોને પણ બાજુ પર રાખી પોતાના બાળકોના સુખ, સલામતી, આબાદીને પ્રાધાન્યને આપીને પણ પોતાના સંતાનને તેની પર અહેસાન કરવાનો અહેસાસ આવવા દેતી નથી. ઇશ્વરને ઓળખનારી માતાઓ પોતાના બાળકોના શારીરિક ઉછેરની સાથે સાથે આધ્યાત્મિક ઉછેર પર પણ એટલુંજ ધ્યાન આપે છે. બાઈબલમાં એવી કેટલીક પ્રેરણાદાયી માતાઓ જોવા મળે છે જેમકે, હાન્ના

પ્રાર્થનાવાદી માતા હતી. તેણે ઇશ્વર પાસે માગીને દીકરો લીધો હતો. ઇશ્વરે જ્યારે તેની પ્રાર્થના સાંભળીને તેને દીકરો આપ્યો ત્યારે તેના કહ્યા પ્રમાણે તેણીએ પોતાની માનતા પૂર્ણ કરતાં ઇશ્વરની સેવામાં તેને અર્પી દીધો. એમ કરી તેણીએ પુત્રપ્રેમ કરતાં ઇશ્વરપ્રેમને અગ્રીમતા આપી.. સંત પાઉલની સુવાર્તિક મુસાફરીઓમાં સાથ આપનાર પ્રભુના સેવક તિમોથીના જીવન પર માતા યુનિસ તથા દાદી લુઇસના શિક્ષણ અને પ્રભુ પરના વિશ્વાસનો પ્રભાવ જોવા મળે છે. આપણી રહેણીકરણીની આપણા બાળકો પર અસર થાય છે. લમુએલ રાજાને તેમની માતાએ શિક્ષણ અને ચેતવણી આપતાં જે જે બાબતો વ્યક્તિને માટે હાનિકારક, નાશકારક અને અપમાનજનક છે તે જણાવતાં લોકોને અદલ ઇંન્સાફ આપવા કહ્યું હતું. માતા સમય આવ્યે પિતાની પણ ગરજ સારે છે. અંતમાં માતૃદિને માતાને શ્રધ્ધાંજલી અર્પણ કરતાં *"વરસે ઘડીક મેઘ, વાદળી રે લોલ. માતાનો મેહ બારે માસ રે... જનનીની જોડ સખી નહિ જડે રે લોલ."*

બ્રુકલીન — આફિયા ટેલર

## સંગીતની મહેફીલ

"ત્યારે દેવની કૃપા જોઇને તે આનંદ પામ્યો" (પ્રે.કૃ. ૧૧:૨૩) આ આનંદની કૃપા માટે કમ્યુનીટી ચર્ચ, હોબોકેન, ન્યુજર્સીમાં સંગીતની મહેફીલનું આયોજન કરવામાં આવ્યું હતું. સારું સંગીત દુ;ખ અને મુશ્કેલીને ભુલાવે છે. હકારાત્મક શક્તિ પૂરી પાડી પ્રેરણાદાયક પ્રવાહમાં જીવનને વહેવડાવે છે. શીત બરફથી થીજેલી શિયાળાની રૂતુ પછી વસંતના આગમનની જેમ લેન્ટ પછી ઇસ્ટર આવે ત્યારે આત્મિક જીવન નવપલ્લવિત થાય તે ઉદેશથી મેત્થુ અને મિત્રોદ્વારા રવિવારની બપોરે દેવળમાં સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પિયાનીસ્ટ મેત્થ્યુએ શરુઆતમાં પિયાનો પર કર્ણમધુર ધૂન આપી સભાજનોને ડોલાવી દીધા હતા મેત્થ્યુની કરાંગુલીની પિયાનો પર કરતી કરામત અને નર્તન મનોમસ્તિકને પુલકિત કરી દીધાં

"વીણા સાથે હું તારાં સ્ત્રોત્ર ગાઇશ" (ગીત.૭૧:૨૨) સ્વર્ગના પ્રકાશ અને આકાશી દૂતો મધુર સંગીત સાથે વસંતની વધામણી લાવ્યા. રાલ્ફ વિલિયમ્સની ધૂને શ્રોતાઓનાં હદયોને ભીંજવી દીધાં પાસ્ટર સુહા નાનાં મધુર અવાજે શંકા મધ્યે વિશ્વાસની વાત, અંધકાર મધ્યે અજવાળું અને ઇસ્ટરના સંદેશની ગીતદ્વારા રજૂઆત કરી હતી. ભાષાના બંધનને તોડી તેમના ગીતે આત્માને સ્પર્શી, હદયના તાર ઝણઝણાવી નાખ્યા હતાં ટ્રાવીસ બ્લુએ ઘેરા ભીના અવાજ સાથે ફ્રેંન્ચ ભાષામાં ગીત ગાઈને શ્રોતાજનોને મંત્રમુગ્ધ અને નિ:સ્તબ્ધ કરી દીધાં. અંતમાં કિંગા ઓગસ્ટીને પોતાની નમણી ડોક પર વાયોલીન લટકાવી શ્રોતાજનોને વિસ્મય કરી દીધાં પિયાનો અને વાયોલીનની જુગલબંધીએ શૃંગારિક, કારુણિક, હાસ્યધાર એમ નવે રસનું પાન કરાવતું બીથોવનનું સંગીત રજૂ કરી તાલમેલમાં હાજર રહેલાંઓને સંગીતમાં તરબોળ કરી દીધાં હતાં દાઉદ રાજા વીણાના તારથી જેમ પ્રભુ સાથે તાદામ્ય સાધતો હતો તેમ આ સંગીતની મહેફીલમાં ભાગ લેનાર સર્વજનો સંગીતમાં મગ્ન થઈ ગયાં હતાં આ સંગીતના આયોજનદ્વારા પ્રભુને માન, મહિમા અને ગૌરવ આપી હાજરી આપનારને ઇસ્ટર-પ્રભુના મરણ પરના વિજયદ્વારા વિજયવંત જીવન જીવવા આહવાન આપનાર બની ગયો.

યુનિયન સીટી(૨૦૧-૩૩૦-૦૩૧૪) **ઇલા જોબર્ટ ક્રિશ્ચિયન**

## દેવ પર અડગ વિશ્વાસ: માતપિતાનો નિ:સ્વાર્થી પ્રેમ

ભાવનગરમાં એક નિ:સંતાન વિશ્વાસુ દંપતી હતું. તેમણે એક દિકરો દત્તક લીધો.જેનામાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું. દિકરો આ બધાનો લાભ લઈ જીવનમાં ઉત્કર્ષ સાધવાને બદલે બદફેલીમાં ચડી ગયો. માતપિતાએ

દત્તકપુત્રના હિતાર્થે તેને પોતાના કોન્ટ્રાકટના સફળ ધંધામાં લીધો, અને બેનના ભાઇની શુશીલ દિકરી સાથે લગ્ન પણ કરાવ્યું. આ બધુંજ વ્યર્થ ગયું. તેણે પોતાના પાલક માતપિતાની સંપતિ એક પછી એક પાણીના મૂલે વેચવા માંડી, પત્નિ અને દીકરી સાથે અળગો થઇ ગયો, માતપિતાને તરછોડી દિધાં આ બધા આઘાતથી કોન્ટ્રાકટરને પક્ષઘાત થઈ ગયો. તેમનાં પત્નિએ અંતિમ ઘડી સુધી ખડે પગે સેવા કરી. આ ૭૭ વરસનાં બહેન પ્રભુમાં અતિ વિશ્વાસુ છે. તેઓ પોતાના ઝોનના વરસો સુધી કોંગ્રેસ.પ્રમુખ હતા.તેમણે પોતાની જાહોજલાલીના સમયમાં જરૂરિયાતમંદોને, આર્થિક, સામાજિક સહાય કરેલી છે. આમ છતાં જેનું તેમણે ભલું કર્યું તેણે જ તેમને કંગાળ હાલતમાં મુકી દેવા છતાં તે બહેન હજીય પોતાનાપાલક દિકરા માટે પ્રાર્થના કર્યા જ કરે છે અને તેમનો પ્રભુમાં વિશ્વાસ હજીયે અડગ છે. આ બહેન અને તેના કુટુંબને પ્રાર્થનામાં ધરી રાખશો. તેમના ઉમદા જીવનમાંથી ત્યાગ અને પ્રભુ પરના અડગ વિશ્વાસનો આપણે પાઠ શીખિએ.

**ઇસ્ટ મેડો, લૉંગ આઇલેન્ડ — એરિક વ્યાસ**

## પિતૃદિન

હું છું બાળકોનો ફાધર
શીખવું છું એક એક પગથિયું ચઢતાં આગળ
એમ ભણાવી ચઢાવું દાદર
લખતાં શીખવું સુંદર કાગળ; ઓઢાડું સંસ્કારની ચાદર
સમાજમાં થાય તેમનો આદર
બને ભવિષ્યના સારા ફાધર; લાવે તેમના કુટુંબને આગળ
તરી જાય તેમનાં સંસાર સાગર
આવી જાય બધુ જ માફક
તે જ છે સાચો પિતૃદિન

બ્રુકલીન — સરોજ ગજ્જર

તેજસ્વીલોકો મોટાં આયોજનો વિષે વિચારે છે. સામાન્ય લોકો ભૌતિક બાબતો વિશે વિચારે છે. અનૈતિક વ્યક્તિઓ બીજા વિશે વાતો કરે છે. *પ્રભુનાં બાળકો ઇશ્વરને મહિમા મળે તેવી વાતો કરે છે.*

## સાર્જન્ટ કેલ્વિન આર. ક્રિશ્ચિયન-CSM Doug. Russell Award ના વિજેતા

૨૦૧૭ની સાલમાં કેલ્વિને તેની ટુકડી (અને વિષેશ કરીને દેશની) પ્રત્યે સમર્પણ, વફાદારી, ધગશ વગેરે ઉમદા ગુણો કામે લગાડી પોતાની ટુકડી, અને સમગ્ર માનવજાતના હિતાર્થે મહામૂલો ફાળો આપેલો છે. તેમની યશસ્વી કામગીરીને પરિણામે તેમની ટુકડી-Best Brigade Combat Team Military Intelligence Company in US Forces Command ને FY 17 MG Oliver W. Dillard award પ્રાપ્ત થયેલો છે. ઓગષ્ટ ૨, ૨૦૧૭ ના ગોઝારા દિને દુશ્મનોએ હુમલો કર્યો અને જાનહાનિ થઈ. પરિણામે કેલ્વિને અગણિત કલાકો ગાળી સંશોધનો,કરી અને વિવિધ સંસ્થાઓના સહકારદ્વારા માહિતી મેળવી સમગ્ર પરીસ્થિતીનો તાગ કાઢી ખૂબજ ઝીણવટભર્યો પ્લાન બનાવી દક્ષિણ અફઘાનિસ્તાનમાં સૌથી વધુ ખતરનાક હથિયારો ધરાવતા સ્થળ પર સામુહિક હુમલો કરી ત્રીસ મનુષ્યઘાતક હથિયારો ધરાવતી ટ્રકોનો અને તેના ઓપરેટરો સાથે કંદહારની આસપાસના વિસ્તારમાંથી નાશ કરી ખૂંખાર લડવૈયાઓને, તાલીબાનોને, મહાત કરી દુશ્મનોની છાવણીમાં હાહાકાર મચાવી દીધો હતો. કેલ્વિનના સફળ પ્રયત્નોને પરિણામે ઘણાં જીવો બચી ગયા. જુદા જુદા વિભાગોએ પણ તેમના જેવી નીતિ અપનાવી છે. કેલ્વીનના શ્રમ, નિષ્ઠા, સમર્પણને લીધે આવનાર સમયોમાં યુધ્ધ દળોને દુશ્મનો સામે ટક્કર ઝીલવામાં સહાયરૂપ થશે. ડીપાર્ટમેન્ટ ઓફ આર્મી તરફથી તેમને ડગ રસેલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. કેલ્વિન ન્યુઝ લેટરના સ્થાપક રેવ મનુભાઇ અને રૂથબેન ક્રિશ્ચિયનના પૌત્ર અને રોબીનભાઇ તથા

ડેસ્ડિમોના બહેનના સુપુત્ર થાય છે. **કેલ્વિનને તથા કુટુંબીજનોને અમારા લાખો લાખ અભિનંદન**

## ચાલો બનાવીએ: ફરસી પુરી

સામગ્રી: ઘઉંનો લોટ ૨ કપ

રવો ૩ કપ, ઘી દોઢ કપ (ચોખાનો લોટ ૨ ચમચા)

દૂધ આશરે ૨કપ. મરી ,જીરું અને હળદર પ્રમાણસર અને મીઠું સ્વાદ અનુસાર

ઘઉંનો લોટ, રવો તથા ચોખાનો લોટ, મીઠું, વાટેલા અધકચરા છુંદાયેલા મરી-જીરાનો પાઉડર ભેગાં કરી ઘીનું મોણ દેવું. ત્યારબાદ દૂધથી કઠણ અને સુંવાળો રહે તેવો લોટ બાંધવો. (જેટલો કઠણ અને સુંવાળો લોટ એટલી પુરી સારી થશે) ત્યારબાદ જાડી પુરી વણી તેના પર કાપા પાડો જેથી તળતાં પુરી ફુલે નહીં. ધીમા તાપે પુરી તળવી. . *(આ રીતે બનાવેલી મારી પુરી ઘણાએ ખાધી* છે અને વખાણી પણ છે. તેથી પ્રયત્ન કરી જોજો. પ્રથમ વાર જો સારી ન થાય તો પણ નિરાશ થયા વિના ફરી પ્રયત્ન કરી જોજો. જેમ પ્રયત્ન કરશો તેમ સારું પરિણામ આવશે.) .

**યુનિયન સીટી** **જોઇસી જોવેટ ક્રિશ્ચિયન**

**AMERICAN CHRISTIAN NEWS**
**Community Paper Soliciting your Co-operation ID: # 11-2917985 August 28, 1988**
**"Gujarati Christian Church"**
**17, Dart Mouth Ave., Avenel, NJ 07001-1804 Phone # 917-554-4560 – (Robin Christian)**

પ્રતિ:

______________________________

______________________________

______________________________

## Christian, Robin

**From:** Christian, Robin
**Sent:** Tuesday, July 03, 2018 1:55 PM
**To:** madelyne.d.ruff@gmail.com
**Subject:** FW: CSM Doug Russell Award Announcement
**Attachments:** SGT Christian_CSM Russell Award_Narrative.pdf

Dear Sgt Madelyne,

I am not sure but if you have heard of what my son, Sgt Calvin has achieved during his deployment in Afghanistan.

Please read the attachment describing what my son Sgt Calvin Christian did
In Afghanistan.
Calvin Christian wrote to me 2 days ago,.......

Everything is great I just found out yesterday that I was awarded the command sergeant major Doug Russell award for excellence in Military Intelligence for 2017. Only one soldier wins it in the whole army each year and I won for 2017. They will be flying me to Arizona for the awards ceremony in June and family is invited to attend I just needed your email so they can send you the details in case you guys wanted to come.The awards ceremony will be 29 Jun at Fort Huachuca in arizona")

**Robin Christian I Director of Reservation Sales**
New York Marriott Downtown | 85 West Street |New York, NY | 10006
P: 212-266-6274 F: 212-385-9174
E: Robin.Christian@marriott.com

**TRAVEL BRILLIANTLY** LET US HOST YOU... **BRILLIANTLY!**
This communication contains information from Marriott International, Inc that may be confidential. Except for personal use by the intended recipient, or as expressly authorized by the sender, any person who receives this information is prohibited from disclosing, copying, distributing and/or using it. If you have received this communication in error, please immediately delete it and all copies, and promptly notify the sender. Nothing in this communication is intended to operate as an electronic signature under applicable law.



With great pride, Robin and Desdimona Christian announce their son, Calvin, has been awarded the 2017 CSM Doug Russell Award for Excellence in Military Intelligence. The award will be presented on June 29th at Fort Huachuca, Arizona. See insert for detail announcement from the Department of Army.

This is a brief history of the award: In 1943, Russell entered the U.S. Army and began a lifelong career of military service. He served in the Armed Forces during World War II, the Korean Conflict, as well as two tours of duty in Vietnam. In 1975, after 32 years of service, Russell retired from the Army with the rank of command sergeant major. During his distinguished military career, he was awarded the Legion of Merit, the Bronze Star Medal, the Meritorious Service Medal, and numerous other commendations. He then moved to Washington, D.C. where he became the director of Enlisted Services for the Association of the United States Army, a position he held from 1979 to 1993. From 1995 until his death in 2009, he held the position of president of The American Military Society. In 1999, the annual CSM Doug Russell Award was created to recognize the outstanding achievements of Soldiers within or on behalf of the Military Intelligence community.

We, at New Dover United Methodist Church, thank him for his service and congratulate him on receiving this prestigious award.

**DEPARTMENT OF THE ARMY**
**DELTA COMPANY, 127th AIRBORNE ENGINEER BATTALION**
**COMBINED TASK FORCE DEVIL STRIKE CARPATHIANS' EAGLES**
**KANDAHAR AIRFIELD, AFGHANISTAN**
**APO, AE 09355**

AFVC-AF-D 06 March 2018

SUBJECT: CSM Doug Russell Award Narrative for Sergeant Calvin Christian

From 1 January through 31 December 2017, Sergeant (SGT) Calvin R. Christian distinguished himself from his peers by demonstrating an unparalleled dedication to duty, commitment to excellence, and steadfast loyalty to his Paratroopers. SGT Christian exemplifies the best within the Noncommissioned Officer Corps, and the Military Intelligence Corps. He is a distinguished leader of Paratroopers and a master of his craft. SGT Christian epitomizes a leader within the 82nd Airborne Division by serving as a Jumpmaster who leads Paratroopers from the front while in training and in combat. His motivation, dedication, and leadership directly contributed to Delta Company's selection as the FY17 MG Oliver W. Dillard award recipient as the best Brigade Combat Team Military Intelligence Company in US Forces Command.

While deployed in support of Operation FREEDOM'S SENTINEL 17-18, SGT Christian led the Vehicle Bourne Improvised Explosive Device (VBIED) Network Targeting Team to support targeting and force protection efforts for Combined Task Force (CTF) Devil Strike Brave Hearts, and Train, Advise, Assist Command – South (TAAC-S). On 02 August, 2017, a VBIED struck a CTF Devil Strike Brave Hearts patrol in Kandahar, Afghanistan, killing SGT Jonathon Hunter and SPC Christopher Harris of A Company, 2nd Battalion, 504th Parachute Infantry Regiment. As a response to the attack, CTF Devil Strike Brave Hearts and the Kandahar Intelligence Fusion Center (KIFC) established the VBIED Targeting Team, spearheaded initially only by SGT Christian. SGT Christian dedicated himself to targeting key Taliban leaders within the

Kandahar VBIED network and the interdiction of VBIEDs as they entered the Kandahar Ground Defense Area (GDA). With a profound knowledge of the Intelligence and Targeting cycles, he flawlessly employed enabler support from Human Intelligence (HUMINT), Signals Intelligence (SIGINT), Open Source Intelligence (OSINT), and Geospatial Intelligence (GEOINT) to find, fix, and finish key VBIED facilitators. He demonstrated his unquestionable work ethic during the countless hours spent researching and analyzing historical data and reporting to drive combined operations against the most casualty-producing Taliban weapon in Southern Afghanistan.

As a result of SGT Christian's efforts, TAAC-S and adjacent units interdicted and destroyed nearly thirty VBIEDs and VBIED facilities within Kandahar and the surrounding areas – undoubtedly saving countless US, Coalition, and ANDSF lives. His efforts disrupted Taliban VBIED facilitation networks and staging areas within Kandahar, drastically reducing the threat to Coalition Forces and enabling freedom of movement within the surrounding villages. His work did not stop within TAAC-S. After hearing of the success of SGT Christian and his team, multiple adjacent units in Afghanistan, including Train, Advise, Assist Command – East (TAAC-E), refined the techniques and procedures within their High Profile Attack targeting teams utilizing the best practices SGT Christian developed. His targeting methodology was adopted by US Forces Afghanistan as the standard across the CJOA.

The Center for Army Lessons Learned (CALL) also recognized the efforts of the TAAC-S VBIED Targeting team. SGT Christian completed and submitted a white paper on the best practices to counter the Taliban VBIED network. His efforts will continue to shape the battlespace, not only within TAAC-S, but across Afghanistan for years to come. His efforts represent the best talent within the Military Intelligence Corps.



# SERGEANT CALVIN R. CHRISTIAN

## 2018 Recipient CSM Doug Russell Award for Excellence in Military Intelligence

SGT Christian was born in Manama, Bahrain in 1982 and graduated high school in Colonia, New Jersey, in 2000. In March 2014, he enlisted in the United States Army as an All-Source Intelligence Analyst (35F) and graduated from Basic Combat Training at Fort Sill, Oklahoma.

After completing Advanced Individual Training at Fort Huachuca, SGT Christian served as a Long Range Artillery Analyst with the 8th Army Headquarters and Headquarters Battalion in Yongsan, Korea. After completing the Basic Airborne School at Fort Benning, Georgia, he was assigned to the famed 1st Battalion, 504th Parachute Infantry Regiment, 1st Brigade Combat Team, 82nd Airborne Division, where he served as an Intelligence Analyst in the Battalion Intelligence Section. During this assignment, he served as the Future Operations Analyst during Operation Swift Response at the Joint Multinational Readiness Center in Hohenfels, Germany. In October 2016, he earned the rank of Sergeant and was re-assigned to Delta Company (MICO), 127th Airborne Engineer Battalion as an All-Source Intelligence Sergeant and Team Leader.

Shortly after reassignment to Delta Company, SGT Christian participated in the Brigade Culminating Training Exercise in preparation for combat operations. He deployed with Combined Task Force Devil Strike Brave Hearts to Kandahar Airfield, Afghanistan from July 2017 to March 2018 in support of Operation FREEDOM'S SENTINEL 17-18. He served in the Kandahar Intelligence Fusion Center as the Lead Analyst for the Vehicle-Bourne Improvised Explosive Device (VBIED) Targeting Team. He led the effort to interdict VBIEDs as they entered the Kandahar Ground Defense Area and identify key Taliban VBIED staging and support zones, resulting in nearly 30 VBIEDs and VBIED facilities destroyed.

SGT Christian earned his Bachelor's Degree in Finance in March 2017 from Maryland University College. Additionally, he graduated the United States Army Advanced Airborne School Jumpmaster Course in April 2017, distinguishing himself as an Airborne leader. He is currently pursuing his Master's Degree in National Security Studies at the American Military University.

SGT Christian's awards include the Army Commendation Medal, Army Achievement Medal, Good Conduct Medal, National Defense Service Medal, Global War on Terrorism Service Medal, Afghanistan Campaign Medal, Korean Defense Service Medal, Noncommissioned Officer Professional Development Ribbon, Army Service Ribbon, Overseas Service Ribbon, and NATO Medal. SGT Christian has also been awarded the Parachutist Badge, Combat Action Badge, and his company received the MG Oliver W. Dillard Award as the best Brigade Combat Team MI Company in US Army Forces Command for 2017.